# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ વિજ્ઞાન પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના પરીક્ષાર્થીઓની શાળા કક્ષાના પ્રાયોગિક વિષય કોમ્પ્યુટર(૩૩૨) વિષયની પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએથી શાળા દ્વારા પોતાની અનુકુળતા મુજબ લેવાની સુચના તા.૧૯/૦૩/૨૦૨૧ ના પત્રથી આપવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓની કોમ્પ્યુટર પ્રાયોગિક વિષય પરીક્ષા પૂર્ણ થયેલ છે તેવા તમામ પરીક્ષાર્થીઓની ૩૩૨ કોમ્પ્યુટર પ્રાયોગિક પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઇટ gseb.org અથવા gsebpractical.in અથવા sciSchool.gsebpractical.in પરથી શાળા દ્વારા તા.૧૫/૦૪/૨૦૨૧ થી ૧૫/૦૫/૨૦૨૧ દરમ્યાન ઓનલાઇન ભરવાના રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષાના ગુણ ઓનલાઇન ભરવા જણાવવામાં આવે છે.

પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની વિજ્ઞાન પ્રવાહ ક - શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

નોંધ:- (૧) પરીક્ષાર્થીઓના ગુણ પરીક્ષાર્થીઓના માર્ચ-૨૦૨૧ ની પરીક્ષાના આવેદનપત્રોના અરજીનંબર/SID NUMBER અથવા નામના આધારે ભરવાના રહેશે. ઓનલાઇન ગુણ ભરવા માટેની તમામ સુચનાઓ ઉક્ત વેબસાઈટ પર લોગીન કર્યા બાદ ઓનલાઇન જોઇ શકાશે.

(૨) આ ઉપરાંત જે શાળા દ્વારા આજદીન સુધી કોમ્પ્યુટર-૩૩૨ પ્રાયોગિક વિષયની પરીક્ષાનું આયોજન ન કર્યું હોય તેવી શાળાઓએ પણ સરકારશ્રીની વખતોવખતની કોરોના-(કોવિડ-૧૯) સંદર્ભે આપવામાં આવતી સુચનાઓને ધ્યાનમાં લઇ તથા અનુકુળતાએ પરીક્ષા લઈ લેવાની રહેશે અને ગુણ વેબસાઈટ પર અપલોડ કરવાના રહેશે.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ :-૧૫/૦૪/૨૦૨૧, ગુરૂવાર
સ્થળ :- ગાંધીનગર